ૐ
''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૧૩ ૧ ફેબ્રુઆરી ૨૦૧૬ પાના-૮ લવાજમ વાર્ષિક-રૂા.૧૦૦/-

## રાજવાણી - 'ભક્તિ'

ભક્તિ એ સર્વદોષને ક્ષય કરવાવાળી છે; માટે તે સર્વોત્કૃષ્ટ છે. ભક્તિ પ્રધાન દશાએ વર્તવાથી જીવના સ્વચ્છંદાદિ દોષ સુગમપણે વિલય થાય છે; એવો પ્રધાન આશય જ્ઞાનીપુરુષોનો છે.

જ્ઞાનીપુરુષનાં વચનોનો યથાયોગ્ય વિચાર થવાને અર્થે મળ અને વિક્ષેપ મટાડવાં ઘટે છે. સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પપરિગ્રહ એ આદિ મળ મટવાનાં સાધન છે. જ્ઞાની પુરુષની અત્યંત ભક્તિ તે વિક્ષેપ મટવાનું સાધન છે. તે (ભક્તિ) સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.

**પ્ર.** અભણને ભક્તિથી જ મોક્ષ મળે ખરો કે?

**ઉ.** ભક્તિ જ્ઞાનનો હેતુ છે. જ્ઞાન મોક્ષનો હેતુ છે. અક્ષરજ્ઞાન ન હોય તેને અભણ કહ્યો હોય, તો તેને ભક્તિ પ્રાપ્ત થવી અસંભવિત છે. એવું કંઈ છે નહીં. જીવ માત્ર જ્ઞાનસ્વભાવી છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે, નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે. ભક્તિથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે, અને સીધા માર્ગે ચાલ્યુ જવાય જ્ઞાની પ્રત્યે બરાબર પ્રતીતિ થાય ને રાત દિવસ તે અપૂર્વ જોગ સાંભર્યા કરે તો સાચી ભક્તિ પ્રાપ્ત થાય.

તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.

સમજાય તો આત્મા સહજમાં પ્રગટે, નહીં તો જિંદગી જાય તોય પ્રગટે નહીં. માહાત્મ્ય સમજાવું જોઈએ. નિષ્કામ બુધ્ધિ અને ભક્તિ જોઈએ. જ્ઞાનીની કોઈપણ પ્રકારે આશાતના ના થાય તેવો ઉપયોગ જાગૃત રાખી ભક્તિ પ્રગટે તો તે કલ્યાણનો મુખ્ય માર્ગ છે. યોગમાં જે વૈરાગ્ય રહે તેવો અખંડ વૈરાગ્ય સત્પુરુષ ગૃહસ્થાશ્રમમાં રાખે છે. તે અદ્‌ભૂત વૈરાગ્ય જોઈ મુમુક્ષુને વૈરાગ્ય, ભક્તિ થવાનું નિમિત બને છે. સકામ ભક્તિથી જ્ઞાન થાય નહીં. નિષ્કામ ભક્તિથી જ્ઞાન થાય. તમને (ખીમજી ભાઈને) જેવી જ્ઞાનની જિજ્ઞાસા છે તેવી ભક્તિની નથી. ભક્તિ, પ્રેમરૂપ વિના જ્ઞાન શૂન્ય જ છે. તો પછી તેને પ્રાપ્ત કરીને શું કરવું છે? જે અટક્યું તે યોગ્યતાની કચાશને લીધે. અને જ્ઞાની કરતાં જ્ઞાનમાં વધારે પ્રેમ રાખો છો તેને લીધે. જ્ઞાની પાસે જ્ઞાન ઈચ્છવું તે કરતાં બોધસ્વરૂપ સમજી ભક્તિ ઈચ્છવી એ પરમ ફળ છે.

**-શ્રીમદ્ રાજચંદ્ર, સંકલન-સરોજબેન, દેવલાલી.**

## શીલ એટલે સદવર્તન

અખંડ બ્રહ્મચર્યનું પાલન અસાધારણ મનુષ્યથી જ બની શકે તેવું છે. કુદરતના પ્રબળમાં પ્રબળ અવાજ અને આજ્ઞાને છેક જ દબાવી દેવાની જેનામાં 'કળા' અને 'શક્તિ' હોય તે જ તે કરી શકે.

આ વાતની તો દરેક માનસશાસ્ત્રી સાક્ષી પુરશે કે આખી જીંદગી સુધીનું અપવાદ રહિત 'ફરજિયાત' બ્રહ્મચર્ય એ અસંભવિત વાત છે. બ્રહ્મચર્ય એ તો અંદરના બળનું પરિણામ છે, ફરજ પાડવાથી કે દેખાદેખીથી ગમે તે પાળી શકે એવી ચીજ નથી.

અશક્તે અંગીકાર કરેલું જીવન પર્યંતનું ફરજીયાત બ્રહ્મચર્ય વ્યભિચારમાં નહિ તો કમમાં કમ કુદરત વિરુધ્ધના ગુનામાં તો પરિણમ્યા સિવાય ભાગ્યે જ રહી શકે, અને એ પરિણામ ધર્મ, નીતિ, સમાજશાસ્ત્રી સર્વ દ્રષ્ટિએ વધુમાં વધુ ભયંકર ગણાય.

બધાએ બ્રહ્મચર્ય પાળવું એ ગમે તેટલું ઈષ્ટ હોય તો પણ એ વર્તન ફરજિયાત રખાવી શકાય નહિ.

સમર્થ આત્માઓને સંપૂર્ણ બ્રહ્મચર્ય સ્વાભાવિક છે, વગર પ્રયત્ને પ્રાપ્ત છે. બીજાઓએ માટે મર્યાદિત વિષયસેવન એ જ પ્રમાણિકતા છે. કામવાસના હોવી એ આત્મિક નિર્બળતા છે. એ કામવાસના સામે યુધ્ધ કરવામાં અને વિજય મેળવવામાં પુષ્કળ આંતરિક બળ જોઈએ અને આત્મજ્ઞાનરૂપી હથિયાર જોઈએ.

બહાદુરી લગ્નથી મળેલા હકોનો આંધળો ઉપયોગ કરવામાં નથી, પણ ક્રમશઃ ઈચ્છાઓને મર્યાદામાં લાવતાં લાવતાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાલનની સ્થિતિમાં આવવામાં જ બહાદુરી છે.

દુનિયામાં પ્રબળમાં પ્રબળ ઈચ્છા અથવા સતામણી કોઈ હોય તો તે કામ છે. જેઓ કામવાસના ઉપર અને લાગણીઓ ઉપર 'જય' મેળવી શકશે તેઓ જ બીજાઓથી નિર્ભય રહી શકશે.

જે પુરુષ કે સ્ત્રી વિષયસુખ કરતાં વધારે ઊંચા સુખની 'ટેવ' પામ્યાં નથી તેને માટે એકાંત (કે અવિવાહિત જિંદગી) ઊલટી ભયંકર છે. પ્રજોત્પતિ એટલે creating beyond one's self; પોતે જે જમીનમાં ઊગ્યો હોય તે કરતાં વધુ ઊંચી જમીન શોધીને અને પોતે જે વીર્યથી બન્યો હોય તે કરતાં વધુ તાકાતવાળું વીર્ય પોતામાં પ્રગટાવીને પછી તે બે સંજોગો વડે પોતાથી વધુ જ્ઞાનક્રિયા શક્તિવાળી વ્યક્તિ ઉપજાવવી એ પ્રજોત્પતિ કાર્ય, -બાકી બધું વ્યભિચાર કાર્ય.

આજે 'પ્રજોત્પતિ' (Procreation) તરફ સૌથી વધારે ધ્યાન આપવાની જરૂર છે. (ગુજરાતનો વણપોંખ્યો ફિલસૂફ અને ચિંતક સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ) - **વા.મો.શાહના ધર્મ સંદેશમાંથી.**

## ગાંધીમાર્ગે બે ડૉક્ટરો

ડૉ. અનિલ પટેલે પોતાની ૩૫ વર્ષની યાત્રાનું વર્ણન કરતાં જણાવ્યું છે, કેવી રીતે તેઓ મહાત્મા ગાંધી, બાબા આમ્ટે-તાઈ, ડૉ. અભય બંગ અને રાણી બંગથી પ્રભાવિત થયા, તેની સાથે બાવર્ચી જેવી બોલીવૂડની ફિલ્મથી પ્રભાવિત થઈને શીખ્યા કે અન્યોને કેવી રીતે ખુશ રાખી શકાય. તેમના જીવનમાં રિચર્ડ એટનબરોની મહાન ફિલ્મ 'ગાંધી' જોયા પછી મોટો વળાંક આવ્યો. તે પછી તેઓએ ગાંધીજીની આત્મકથા ત્રણ વખત વાંચી અને પછી ગાંધીજીના સિદ્ધાંતો અનુસાર પોતે જીવન જીવવાનું શરૂ કર્યું.

મહારાષ્ટ્રમાં નાગપુર પાસે યવતમાલ નામના નાના નગરમાં રહેતા ડૉ. પટેલ ઈ.એન.ટી. સર્જન છે. તેઓએ પોતાનું જીવન ગરીબ અને જરૂરતમંદ લોકોની સેવામાં સમર્પિત કર્યું છે. તેઓએ એ ક્ષેત્રમાં સેવા આપવી શરૂ કરી તે પહેલાં ગ્રામજનોને ઈમરજન્સી ચિકિત્સા માટે નાગપુર જવું પડતું, જે ત્યાંથી ત્રણ કલાકે પહોંચાતું. પરંતુ ડૉ. પટેલે સેવા શરૂ કરી તે પછી તે તકલીફ દૂર થઈ. ડૉક્ટર પોતાના દવાખાના ઉપરાંત ભારતના વિવિધ શહેરો-નગરો-ગામડાંઓમાં નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરતા અને કેમ્પમાં પણ ખૂબ ઓછી સગવડ સાથે ચિકિત્સા કરતા. તેઓને કેમ્પ માટે એક ખુરશી, એક નાનું ટેબલ અને અન્ય જરૂરી સામાનની જરૂર રહેતી. તેઓ તો ઝૂંપડાઓમાં અને વૃક્ષ નીચે પણ કેમ્પ લગાવતા.

તેઓએ ખૂબ કાળજીપૂર્વક છેલ્લા ૩૫ વર્ષમાં જે દર્દીઓની સારવાર કરી તેના આંકડા જાળવ્યા છે તથા અન્ય લોકો સાથે જે મિટિંગો થઈ હોય તેનું દસ્તાવેજીકરણ પણ કર્યું છે. તેઓનો સિદ્ધાંત છે કે ઓછામાં ઓછી દવાઓ આપવી, ઓછામાં ઓછી સર્જરી કરવી તથા વંચિતો-ગરીબોની ચિકિત્સા કરે ત્યારે ખૂબ ઓછી ફી લે છે અને કેટલીક વાર નથી પણ લેતા. તેઓ કહે છે કે યોગ, સાઈકલીંગ તથા અન્ય વ્યાયામને લીધે તેઓ સ્વસ્થ રહેવા પ્રયત્નશીલ છે. તેઓ માટે તેઓની માતાજી પ્રેરણારૂપ છે, જે ૮૦ વર્ષે પણ સક્રિય છે. તેઓએ પોતાના અનુભવો જણાવતાં કહ્યું કે, 'વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે, ખૂબ જ ઓછા સાધનો સાથે ગંભીર બીમારીના ઈલાજ પણ કર્યા છે.' તેઓનો પુત્ર ડૉ. ગૌરવ પણ કંઈક અલગ કરવાની ઈચ્છા સાથે તેમના પિતાના પગલે ચાલી રહ્યો છે.

બીજા, ડૉ. અવિનાશ પોલ છે. જે 'વન મેન આર્મી'ના નામે વધુ પ્રખ્યાત છે. તેઓ સતારામાં રહે છે. ડેન્ટિસ્ટ છે. તેઓ રવિવારથી શુક્રવાર સુધી પોતાના દવાખાનામાં કામ કરે છે. શનિવારે નજીકના ગામોમાં જાય છે, જેથી તે વિસ્તારના લોકોની સમસ્યાઓ સમજી શકે. ગંદા પાણીના નિકાલની વ્યવસ્થાથી માંડીને જલ સંરક્ષણની યોજના પર કામ કરે છે. તેઓની એક વિશિષ્ટતા એ છે કે તેઓ લોકોના પ્રશ્નોની સાથે સરકારી યોજનાઓને જોડી દે છે. ખૂબ સહજતાથી સરકારી અધિકારીઓને લોકોના મૂંઝવતા પ્રશ્નોમાં જોડી દે છે. તેઓને આવા સામાજિક કામોમાં સામેલ કરે છે. તેઓના પ્રયાસથી હજારો એકર જમીન ખેતી કરવાને લાયક બનાવી છે. કેટલાય ગામોમાં હવે ટેન્કરથી પાણી પહોંચાડવામાં નથી આવતું. ગામમાં જ પાણીની વ્યવસ્થા કરી દીધી છે. આને લીધે કેટલાયે ગામોના કુટુંબોની આવક વધી ગઈ છે. ઉદાહરણ તરીકે, જાખનગામમાં કેવળ ૨૮ એકર જમીન પર જ ખેતી થતી હતી, પરંતુ ડૉ. પોલના પ્રયાસ તથા સાંસદ અનુઆગાની મદદથી હવે ૯૪૭ એકરથી વધુ જમીન પર ખેતી થાય છે. પહેલાં એ ગામમાં મહિને ૪૦૦૦ લિટર દૂધ ઉત્પાદન થતું હતું, જે આજે ૪૮૦૦૦ લિટર સુધી પહોંચી ગયું છે.

ગામમાં સમૃદ્ધ ખેતી થતી જોઈને ગામ છોડી ગયેલા ૬૦ પરિવારો પાછા ગામમાં આવ્યા છે. અલાવડીમાં ડૉ. પોલે અન્ય સંસ્થાની આર્થિક મદદ તથા ગ્રામજનોના શ્રમદાનથી એક નાનો બંધ બાંધ્યો અને પાઈપલાઈન નાખી, જેથી ગ્રામજનોની આવક પ્રતિ એકરે રૂા.૨૦,૦૦૦/- ની થઈ ગઈ. તેઓએ સિદ્ધિ વિનાયક ટ્રસ્ટના ૨૫ કરોડ રૂપિયા મેળવ્યા અને તે રકમ દુષ્કાળ ગ્રસ્ત તાલુકાઓમાં વાપર્યા. ડૉ. પોલને પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના હાથે પુરસ્કાર પણ મળેલ છે. આપણે તે 'વન મેન આર્મી'ને સલામ કરીએ છીએ.

**પ્રેષક : બોમ્બે સર્વોદય મંડળ, સૌ. બિરાદર**

## નોકરી ફગાવી દીધી

મીસુરીમાં વસતો આનંદ આ યુવાન સોફ્ટવેર એન્જિનિયર તરીકે ટેલિકોમ કંપનીમાં ઘણો ઊંચો હોદ્દો ધરાવતો હતો અને સારી એવી કમાણી કરતો હતો, પરંતુ પાંચ વર્ષ પહેલાં એને એમ લાગ્યું કે ગરીબ ખેડૂતોની સ્થિતિ આપણા દેશમાં ઘણી ખરાબ છે. ભારત ભલે ખેતીપ્રધાન દેશ કહેવાતો હોય, પરંતુ સામાન્ય ખેડૂતોને તો દેવાના બોજ નીચે જ જીવવું પડે છે. દુષ્કાળ, અતિવૃષ્ટિ કે પછી માવઠાંને કારણે એમનો પાક નિષ્ફળ જાય છે. અનાજ ઊગે તો પણ એના ઓછા ભાવ આવે છે અને સૌથી વધુ તો અનાજ ખરીદનારાઓ આ ગરીબ ખેડૂતોનું પુષ્કળ શોષણ કરે છે અને આને પરિણામે દેશમાં આત્મહત્યાની ઘટનાઓ બનતી રહે છે.

આથી આનંદના મનમાં એક વિચાર જાગ્યો કે વ્યક્તિગત રીતે આ પ્રશ્નના ઉકેલ માટે મારે સ્વયં પ્રયાસ કરવો જોઈએ અને આ માટે ઊંચા પગારની મોટી નોકરી આનંદે છોડી દીધી અને સ્વાનુભવ મેળવવા માટે મીસુરીના સદાનાહલ્લીમાં છ એકર જમીન ખરીદી. આ જમીનમાં એણે ઓર્ગેનિક ખેતી કરવાની શરૂ કરી. એણે બીજા ખેડૂતોને આને માટે પ્રેરણા આપી અને એથીયે વિશેષ તો એણે ખેડૂતોની મંડળી સ્થાપી એ મંડળીનો હેતુ એવો હતો કે ખેડૂતોને એમની પેદાશનો વધુમાં વધુ લાભ મળી રહે. સામાન્ય રીતે આવી મંડળીઓ દ્વારા ખેડૂતો પાસેથી અનાજ ખરીદવામાં આવે છે અને એમાં થોડો નફો રાખીને એને વેચવામાં આવે છે, પરંતુ આનંદે એક જુદું કામ કર્યું. એને કોઈ નફો જોઈતો નહોતો, આથી અનાજની ખરીદી કરવાને બદલે એણે અનાજની પેદાશનું સીધેસીધું વેચાણ થાય એવું આયોજન કર્યું. એણે પોતાના જેવી ઉદાત્ત વિચારધારા ધરાવનારાઓને એકઠા કર્યા. એમની એક મંડળી બનાવી અને ખેડૂતોની પેદાશ સીધેસીધી વેચાય એવું આયોજન કર્યું.

કોઈ મોટો મેળો ભરાયો હોય ત્યારે કે કોઈ મોટો સમારંભ યોજયો હોય, ત્યારે એ પોતે એક સ્ટોલ રાખે છે અને એ સ્ટોલ દ્વારા અનાજના ગ્રાહકોને એ ખેડૂતો પાસેથી જ સીધેસીધું અનાજ મળે તેવી વ્યવસ્થા કરે છે. આ રીતે આ યુવાને પોતે એક નવી પદ્ધતિ અપનાવી અને એને પરિણામે ખેડૂતોના કલ્યાણની પોતાની ભાવના એણે સિધ્ધ કરી. - **સૌ. ગુજરાત સમાચાર.**

## તંત્રી સ્થાનેથી :

# મોનના મહાસાગરમાંથી મળેલ મોતી

## સ્વચ્છતા યજ્ઞ

આજે અનેક સમસ્યાઓથી આપણે ઘેરાઈ ગયા છીએ. માનવીય આતંક અને પ્રકૃતિમાર બંનેથી આપણે પીસાઈ રહ્યા છીએ. આ બધામાંથી ક્યાંય માર્ગ દેખાતો નથી. રાજકારણની દુર્દશા જોઈને દુઃખ થાય છે. ખોટા પ્રશ્નોમાં ક્યારેક દાદરી, તો ક્યારેક અસહિષ્ણુતા, ક્યાંરેક દલિત, ક્યાંક અનામત જે પ્રશ્નો નથી એ ઊભા કરીને નવા પ્રશ્નો ઊભા કરીએ છીએ. સમાજના છેલ્લા માણસ માટે તો કાંઈ વિચારતું જ નથી. એક ભય હેઠળ ગરીબ તવંગર સહુ જીવી રહ્યા છીએ. અસલામતિના એક વિષચક્રમાં આપણે ફસાઈ ગયા છીએ. કોઈની પાસે સમય નથી. ભ્રષ્ટાચારનો ભોરીંગ સહુને ડસી રહ્યો છે.

માનવીના ભોગે પણ સંપતિ મળે તો મેળવવામાં કોઈને છોછ નથી રહ્યો. અનાજ, શાકભાજી, દુધ, હવા, પાણી, નદીઓ બધા દુષિત થઈ ગયા છે. ભેળસેળ વગરનું શુધ્ધ ઘી, દુધ મળવા દુર્લભ થઈ ગયા છે. જે જગતના તાત કહેવાય છે એના ખાતરમાં ભેળસેળ, ફળ ફ્રુટ કૃત્રિમ રીતે પકાવવા આ બધાનું પરિણામ એ આવ્યું છે કે સરળ સહજ જીંદગી જીવતા હોય તે પણ હવે કેન્સર, બ્લોકેજ, ડાયાબીટીશ જેવા ભયંકર રોગોમાં સપડાઈ રહ્યા છે. આ ભેળસેળ ભ્રષ્ટાચાર ને હિસાબે રોજરોજ શહેરોમાં નવા દવાખાના ખુલી રહ્યા છે અને પ્રજા લુંટાઈ રહી છે.

આટલી બધી ભેળસેળ, લુંટ ચાલી રહી છે પણ એ પ્રત્યે કોઈ પક્ષ-પાર્ટી ક્યાંય વિચારે છે ખરા ? પ્રજાનો અવાજ ક્યાંય ઉઠે છે આ માટે ?

આપણી એક થઈએ, જાગ્રત થઈએ, આપણી ફરજ બજાવીએ એ જ હવે ઉપાય છે. હવે હક નહિ, ફરજનો યુગ છે, અસહકાર નહિ સહકારનો યુગ છે. આપણને જો એક કરી શકે તેમ હોય તો એક જ પ્રશ્ને આપણે એક થઈ શકીએ અને તે છે સફાઈ.

ગંદકી એ મોટામાં મોટો ભ્રષ્ટાચાર છે. જો પ્રજા પોતાની ફરજ સમજીને શાસનને સહકાર આપે તો જ આ ગંદકીમાંથી મુક્ત થઈ શકીએ. આપણેએ જોયુ છે કે યુરોપમાં એ સફળ છે કેમકે પ્રજાએ પોતાની ફરજ સમજીને સહકાર આપ્યો છે. ક્યારેય વિચાર્યું છે કે આ આપણો કચરો જે ડપીંગ ગ્રાઉન્ડમાં ઠલવાય છે, તેની આજુબાજુ રહેતા આપણા માનવભાઈઓના વિચાર કરો તો કંપારી છુટી જાય તેમ છે. અત્યંત દુર્ગંધ, સતત ધુમાડો આ બધું એમને ભોગવવું પડે છે કેમકે આપણે આપણી ફરજ પ્રત્યે ધ્યાન નથી આપતા. ઈચ્છવા છતાં તે ક્યાંય જઈ શકે તેમ નથી.

કચરો એ કંચન છે, એ વેસ્ટ નથી બેસ્ટ છે. જો યથાયોગ્ય રીતે આપણે આ ફરજ બજાવીએ તો આપનો રૂપિયા જે સરકાર સફાઈ પાછળ ખરચે છે, જેમાંથી મોટો ભાગ તો લાંચ રૂશ્વતમાં જ જાય છે, તે બચી જાય સરકાર એકલી ક્યારેય આ પ્રશ્નને હલ કરી શકશે નહિ. આજે ભારત સરકાર 'સ્વચ્છ ભારત' ની મુહિમમાં અબજો રૂપિયા ખરચી રહ્યું છે, છેવટેતો આ બધા પૈસા પ્રજાની પાસેથી જ લેવામાં આવે છે ને ?

શહેરોએ પણ 'જીરો ગારબેજ' સ્થિતિમાં આવ્યા વગર છૂટકો નથી. ડમ્પીંગ ગ્રાઉન્ડની કેપેસીટી પુરી થઈ છે. નવા ડમ્પીંગ ગ્રાઉન્ડ જેટલી જગ્યાઓ રહી નથી અને જ્યાં નક્કી થાય છે ત્યાં આંદોલન કરી પ્રજા વિરોધ કરે છે. એ વ્યાજબી પણ છે. શું મારા દરવાજે કોઈ બીજો કચરો નાંખી જાય તો મને ગમે ખરું ?

આપણે માત્ર કરવાનું એટલું જ છે કે આપણો કચરો ભીનો સુકો પ્લાસ્ટીક અલગ અલગ રાખીએ અને મ્યુનીસીપાલીટીને આપીએ એને જે જુદા પાડવામાં સમય અને સંપતિ લાગે છે તે બચી જાય અને તુરંત ખાતર બને અને ખેતીમાં કામ લાગે.

વિજ્ઞાન + અધ્યાત્મ = વિકાસ. વિજ્ઞાન - અધ્યાત્મ = વિનાશ

આપણે વિકાસ તરફ જવું છે કે વિનાશ તરફ નક્કી આપણે કરવાનું છે. આપણને માત્ર આપણી ફરજ બચાવી શકે તેમ છે હક તો આપોઆપ મળશે. આજે વિશ્વમાં દર મિનિટે ૧૨૫ કરોડ શસ્રો પાછળ ખર્ચાઈ રહ્યા છે. આ આખી રમત બહુ વ્યવસ્થિત રીતે શાસનને નામે ચાલી રહી છે. શસ્રાગારોને શસ્રો વેચવામાં રસ છે અને આડકતરી રીતે આપણે ફરજ ચુકીને એને મદદગાર થઈ રહ્યા છીએ.

સ્વચ્છતા એક એવું માધ્યમ છે જે આપણને એક કરશે. પ્રજા જાગૃતિનો અહેસાસ શાસનકર્તાઓને થશે અને આ ભ્રષ્ટાચારનો ભોરીંગ ભોય ભેગો થશે. એક વિષચક્રમાં ફસાઈ ગયા છીએ. સાંકળનો માત્ર એક આંકડો તુટે છે તો સમગ્ર બંધનમાંથી મુક્ત થઈ જવાય છે એમ આ સ્વચ્છતા-યજ્ઞ એજ ઉપાય છે. આ આજનો ધર્મ છે. આ દેશમાં ધર્મના માર્ગે જ કંઈક થવું હશે તો થશે. બાકી શાસકોએ ગરીબાઈ હટાવવાનું નામ લઈ પોતાની ગરીબાઈ જ હટાવી છે. જાગીએ હજી સમય છે.

આ સાવ સહેલો ઉપાય છે. કોઈ જાતની સરકારી સહાય અનુદાન વિના થઈ શકે તેમ છે. આપણી સંપતિ-સમય-શક્તિનો જે વ્યય થઈ રહ્યો છે તેની બચત કરી ખરેખરા પ્રશ્નો છે તે પ્રત્યે સમય ફાળવતા બધા પ્રશ્નો ઉકેલાતા જશે. ગોરક્ષાનો ઉપાય પણ આ જ છે.

"If you salute your duty, you need not to salute anybody. But if you pollute your duty you have to salute everybody." Dr. A.P.J. Abdul Kalam.

## આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી ભક્તિ- શીલ અને સદવર્તન - | ૧ |
| ગાંધી માર્ગે બે ડોક્ટર - નોકરી ફગાવી દીધી - | ૨ |
| તંત્રી સ્થાનેથી- મૌનના મહાસાગરમાંથી મળેલ મોતી- | ૩ |
| દેશભક્ત વૈજ્ઞાનિક સંત - જવાબદારી | ૪ |
| એક અનોખુ ગોસંવર્ધન - ફરિયાદ રૂબરૂ ન કરો- | ૪ |
| પ્રભાતના પુષ્પો-મનઝરુખો-સાધુ ઐસા ચાહિએ- | ૫ |
| ભગવાન મહાવીર - પશુ રક્ષા કેન્દ્ર- | ૬ |
| સમસ્ત મહાજન - ગોમુત્ર અર્કના ચમત્કાર- | ૬ |
| મારી ઈચ્છા કરતા હરિ ઈચ્છા - એકાંત- | ૭ |
| પત્રપ્રસાદી - લવાજમ- | ૭ |
| શ્રમનું ગૌરવ - | ૮ |

## દેશભક્ત વૈજ્ઞાનિક સંત...

મહામાનવ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની કેટલીક વાતો... કલામ નાની વયે રામેશ્વરમમાં નદીકિનારે આવેલાં શિવાલયમાં ભીના શરીરે ભગવાન શિવની પ્રદક્ષિણા કરતાં.

કલામ સાહેબ રાષ્ટ્રપતિ બન્યા એના અમુક સમય બાદ એમનાં ૫૦થી વધારે સગાવ્હાલાં ૧૦-૧૨ દિવસ રાષ્ટ્રપતિ ભવનમાં રોકાયાં. મહેમાનોનાં ગયા બાદ એમનું ટોટલ બિલ કલામસાહેબે પોતાના પગારમાંથી ચૂકવી દીધું. કલામસાહેબ માત્ર બે બેગો લઈને રાષ્ટ્રપતિ ભવનમાં આવેલાં અને એટલી જ બેગો લઈને ગયાં...!

પોતાની પાસે જે કાંઈ આર્થિક મૂડી હતી તે એમણે અનાથાશ્રમને આપી દીધી કારણકે એમને સરકાર તરફથી રાષ્ટ્રપતિ બન્યા બાદ આજીવન પેન્શન મળવાનું હતું, સગવડો મળવાની હતી.

ધર્મને બદલે જીવનભર માનવધર્મની વાતો પર જ ધ્યાન આપ્યું. ગીતા અને કુરાન એમ બંનેને સાથે રાખ્યા અને અમલ કરતાં રહ્યાં.

છેલ્લે શું મૂકીને ગયાં...? ૨ પેન્ટ, ૪ શર્ટ, ૩ સૂટ, ૨૫૦૦ પુસ્તકો, ૧ ફ્લેટ જે એમણે સંશોધન માટે દાનમાં આપી દીધો. એમના છેલ્લાં ૮ વર્ષના પેન્શનની રકમ પોતાના ગામની ગ્રામ પંચાયતને દાનમાં આપી દીધી. એમની પાછળ ન કોઈ જમીન, ન કોઈ બેંક બેલેન્સ, ન કોઈ શેર, ન કોઈ કાર...!

મિત્રો, ઉંઘના કલાકો ઓછા કરીએ. દરરોજ એક કલાક દેશ અને વિશ્વના કલ્યાણ માટે આપીએ એ જ આવા દેશભક્ત સંતને અપાયેલી સાચી શ્રદ્ધાંજલિ છે. - **સૌ.ધર્મધ્વાર**

## જવાબદારી

આ પહેલાં તો રોજ એને કૉલેજમાં જવા કંઈ કેટલીક વાર ઉઠાડવો પડતો ને જવા માટે તૈયાર થતો કે મારે કહેવું પડતું. 'બધું બરાબર લઈ લીધું છે? નાસ્તાનો ડબ્બો અંદર મૂક્યો? આઈડેન્ટિટી કાર્ડ લીધું છે? મોબાઈલ લીધો? મોબાઈલ ચાર્જ કરેલો છે ને? પૈસા છે ને? રૂમાલ લીધો? પાકીટ લીધું?' ને એમાંની કેટલીય વસ્તુ એ ભૂલી ગયો હોઈ તુરત જ કહેતો, 'સોરી, મમ્મી હમણાં લઈ લઉં' ને પછી ઝટપટ ભાગી નીકળતો. ત્યારે રોજ જ મારાથી બોલાઈ જતું 'ક્યારે એ મોટો થશે? ક્યારે ઠરેલ થશે?

આજે મને ખાટલાગ્રસ્ત કરી દેનાર અકસ્માત થયો છે ત્યારે એ કૉલેજ જવા જાતે જ ઊઠી ગયો ને તૈયાર થઈને મારાં પલંગ પાસે આવીને બોલ્યો, 'મમ્મી, મેં બધું જ લઈ લીધું છે, ને સાંભળ! તારી આઠ વાગ્યાની ને બાર વાગ્યાની દવા અલગ અલગ પડીકામાં બાંધીને ટેબલ પર મૂકી છે. સફરજન, દાડમ પણ ત્યાં જ મૂક્યા છે. પાણી બાટલીમાં ભરીને મૂક્યું છે. ફોન તારી બાજુમાં જ મૂક્યો છે. શાંતિથી સૂઈ જજે. હું દવા લેવા તને ફોન કરીશ. હું ટિફિન લઈને એક વાગે આવું પછી સાથે જ જમીશું' ને એ કૉલેજ જવા ચાલી નીકળ્યો. મારાથી સહેજે બોલાઈ ગયું 'મારો ગૌતમ આટલો મોટો ક્યારે થઈ ગયો?' કદાચ જવાબદારી માનવીને બધું જ શીખવાડી દે છે.- **રોહિત ખીમચંદ કાપડિયા, વાર્તા.**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

## એક અનોખુ ગોસંવર્ધન કેન્દ્ર - રચના ફાર્મ

પૂના નજીક ઈંદાપુર ગામમાં શ્રીમજીદખાન પઠાણ ગુજરાતની ગીરની ગાય અને મહારાષ્ટ્રની ખિલ્લાર જાતિની ગાયોનું સંવર્ધન અને સંરક્ષણનું અતિ સુંદર કાર્ય કરી રહ્યા છે.

એમના ફાર્મ પર ગાયોને ચરવા માટે છૂટ્ટી મૂકી દેવામાં આવે છે આથી ગાયોનુ સ્વાસ્થ્ય તો સારુ રહે છે, સાથે ગાયોના છાણ અને મૂત્ર ફાર્મમાં પડવાથી જમીનની ફળદ્રુપતા પણ જળવાઈ રહે છે. સૌથી મોટો ફાયદો એ છે કે એથી ગૌશાળામાં છાણ ઉપાડવાનું કાર્ય ઘણું ઓછું થઈ જાય છે.

એમના ફાર્મમાં ગીરની ગાય અત્યારે ૨૮ લીટર જેટલું દૂધ પ્રતિ દિન આપે છે. મજીદખાનને વિશ્વાસ છે કે એમના ગોસંવર્ધનના પ્રયોગોથી આગામી ૩-૪ પેઢી બાદ આ જાતિની ગાયો બ્રાઝીલની ગીરની ગાયો જેટલુ દૂધ આપી શકશે.

મહારાષ્ટ્રની ખિલ્લાર જાત તેના બળદની ભાર ખેંચવાની ક્ષમતા તથા દોડવાની શક્તિ માટે જાણીતી છે પરંતુ સાધારણતઃ તે ૨ લીટર જેટલું જ દૂધ આપે છે રચના ફાર્મની ખિલ્લાર ગાય ૮ લીટર જેટલું દૂધ આપે છે.

એમના કાર્યોની રાજ્યસ્તરે નોંધ લેવાઈ છે અને વર્ષ ૨૦૧૫નો સ્વ. કમલનયન બજાજનો ગોસંવર્ધનનો પુરસ્કાર હમણા જ તેમને પ્રદાન કરવામાં આવ્યો છે. મજીદખાન માને છે કે ગોસંવર્ધનનુ કામ, ધર્મ અને રાજકારણ બાજુ પર મૂકીને, તાત્કાલિક કરવા જેવું કામ છે અને એ માટે તેઓ દેશવાસીઓને એમના આ કાર્યમાં જોડાવા અને સહકાર આપવા અપીલ કરે છે.

રચના એગ્રોફાર્મ, ટેલિ.૦૨૧૧૧-૨૨૩૬૮૬, એસ.ટી.સ્ટેન્ડ, પુને સોલાપુર હાઈવે, જિ. પુના, પો. ઈન્દાપુર-૪૧૩ ૧૦૬

**- લિ. શાંતિલાલ ગડા, મો.૯૩૨૩૪૧૨૪૭૧.**

## ફરિયાદ રૂબરૂ ન કરો...ગંદકી 'વ્હૉટ્સએપ'માં મોકલો!

મોરબી નગરપાલિકાના ચીફ ઑફિસર પ્રશાંત પરીખ ચિત્રલેખાને કહે છે કે તાજેતરમાં દેશમાં સ્વચ્છતાની ઝુંબેશને એક વર્ષ પૂરું થયું છે. એમ છતાં હજુ લોકોમાં જોઈએ એટલી જાગૃતિ આવી નથી. ઘણા એવા લોકો હોય છે, જેમનાં ઘર પાસે જ કચરાનો ઢગલો હોય છે, પણ નગરપાલિકાએ ફરિયાદ કરવા આવતા નથી. આ માટે હવે લોકો ઘરે કે પછી રસ્તા પર જતા હોય અને કચરાનો ઢગલો દેખાય એટલે એનો ફોટો પાડીને એ જગ્યાનું સરનામું લખીને મારા મોબાઈલ નંબર ૯૯૦૯૯ ૬૬૬૪૪ પર મોકલી આપે છે અને ફોટો મળ્યાના ૪૮ કલાકમાં ગંદકી દૂર કરવામાં આવે છે. છેલ્લા દસ દિવસથી આ ઝુંબેશ ચાલુ છે. એમાં અત્યાર સુધીમાં ૮૦ જેટલા લોકોએ ફોટો મોકલ્યા છે અને એ તમામ જગ્યા પર સફાઈ કરવામાં આવી છે. મારા નંબર પર ફોટો આવે એટલે હું એને જે-તે વિસ્તારમાં અધિકારીને મોકલું છું. અધિકારી એ જગ્યાની સાફસફાઈ કરાવીને એનો ફોટો મને મોકલે છે. આ શરૂ કરવા પાછળનું કારણ એ છે કે શહેરને ગંદકીમુક્ત કરવું છે અને આજે સોશિયલ મિડિયા લોકોમાં ઘણું લોકપ્રિય બન્યું છે આથી એનો સહારો લીધો છે. હજુ આગામી સમયમાં સફાઈ માટેનો ઑનલાઈન સૉફ્ટવેર બનાવવામાં આવશે, જેથી શહેરીજનો સીધી ઑનલાઈન ફરિયાદ કરી શકશે.

**- સૌ. ચિત્રલેખા.**

## પ્રભાતનાં પુષ્પો

કેટલાકને માટે આ જીવન એક રણભૂમિ જેવું બની રહે છે અને આવા માણસો દિવસ અને રાત યુદ્ધ કરતા જોવા મળે છે. એમને થાક લાગતો નથી! બસ, એ લોકો આશા અને હિંમતનું ભાથું બાંધીને આગળ વધતા જ હોય છે. મુશ્કેલીઓની એમને પરવા નથી. પોતાની પાસે સાધનો ઓછાં છે એ જાણવા છતાં પણ કોઈની પાસે મદદ માટે હાથ લંબાવતા નથી. એમને ઘણી વખત હાર મળે છે. એમની યોજનાઓ ધૂળધાણી થઈ જાય છે, પણ એ મેદાન છોડતા નથી. આશા અને શ્રદ્ધા સાથે એ ફરી બેઠા થાય છે. કમર કસે છે. સ્મિત સાથે યુદ્ધ શરૂ કરે છે.

આવા ખડતલ માણસો જ રણને બાગ બનાવે છે અને મરેલાઓને બેઠા કરે છે. જીવનના પટ પર આવો એકાદ તેજસ્વી સૈનિક તમને મળી જાય ત્યારે એને નિરુત્સાહી ન કરતા. એને એમ પણ ન કહેતા 'તે જે કામ હાથમાં લીધું એ તારાથી નહીં થાય. તું આડે રસ્તે ચડી ગયો છે. છોડી દે, છોડી દે.'

આવા લડવૈયાઓને તમે મદદ ન કરી શકો તો કાંઈ નહીં, પણ એમના કામમાં જરૂર ઉત્સાહનું અમૃત રેડજો. એમને માટે આટલું ઘણું છે. આવા લોકોમાં એવી અદ્‌ભુત શક્તિ ભરી હોય છે કે જો તમે એમનો વારસો થાબડીને એમ કહેશો કે 'દોસ્ત, આગળ વધ, હું તને ફતેહ ઈચ્છું છું.' તો એમનામાં એવો પ્રબળ પ્રાણ જાગશે કે વખત જતાં એ તમારા ચરણે આકાશના તારા ધરી દેશે. - **વજુ કોટક.**

## મનઝરૂખો

છસો જેટલી સંગીતરચનાઓ કરનાર વૂલ્ફગૉંગ મોઝાર્ટ (ઈ.સ.૧૭૫૬-૧૭૯૧) એ ક્લાસિકલ યુગનો સૌથી પ્રભાવશાળી અને પુષ્કળ રચનાઓ આપનાર કમ્પોઝર હતો. એક વાર આ મહાન કમ્પોઝરને મળવા માટે એક યુવાન આવ્યો. એણે મોઝાર્ટને પ્રશ્ન કર્યો, 'તમે સાવ નાના ઉંમરે મહાન સંગીતકાર બન્યા હતા. પાંચ વર્ષની વયે તમે યુરોપનાં રાજ-રજવાડાંઓ સમક્ષ પોતાની રચના પ્રસ્તુત કરી હતી. તમે મને કહો કે મારે કઈ રીતે સંગીતમાં આગળ વધવું ?'

મોઝાર્ટે એને પિયાનોવાદનની કલા વિશે સમજણ આપી. વિવિધ પ્રકારનાં વાદ્યો કઈ રીતે વગાડવાં તે સમજાવ્યું અને છેલ્લે આ બધાને માટે કેવી દીર્ઘ સંગીતસાધનાની જરૂર પડે છે, તે અંગેની સલાહ આપી.

આટલું કહ્યા પછી એ યુવાનને કહ્યું, 'જો, આ બધી બાબતને તું અનુસરીશ અને સતત સાધના ચાલુ રાખીશ, તો ત્રીસમા વર્ષે સંગીતની દુનિયામાં તારો ડંકો વાગતો હશે !'

મોઝાર્ટનો ઉત્તર સાંભળીને યુવાન અકળાયો. એણે કહ્યું, 'તમે તો ઘણી નાની વયે જ મહાન કલાકાર બની ગયા હતા. કી-બોર્ડ અને વાયોલિન પર તો સાવ નાની ઉંમરે નિપુણતા હાંસલ કરી હતી. પાંચમા વર્ષે તમે કામયાબી મેળવી અને આઠમા વર્ષે તો તમે તમારી પહેલી સિમ્ફની લખી હતી, તો પછી મને કેમ નાની ઉંમરે આવી સિદ્ધિ ન મળે ? ત્રીસ વર્ષ સુધી મારે રાહ જોવી પડશે ?'

મોઝાર્ટે હસીને કહ્યું, 'આનું કારણ કહું ? હું તારી માફક કોઈને સંગીતકાર કેમ થવાય, તે વિશે પૂછવા ગયો નહોતો.'

**- ડૉ. કુમારપાળ દેસાઈ, સૌ. ગુજરાત સમાચાર.**

## આને ઉદ્યોગપતિ બનાવવો જોઈએ

એક બહુ જ સંપન્ન કંપનીના માલિક હતા. એમની પાસે પૈસો પુષ્કળ, પણ એમને ભોજન પચે નહિ. રસોઈઓ ભાત ભાતની વાનગી બનાવે શેઠાણી ભાણું ભરાઈ જાય તેટલી વાનગી પીરસે.

પણ શેઠ થાળીમાં વાનગી જુએ ને પેટ ભરાઈ જાય. ખાધા પહેલાં જ એમને ઓડકાર આવી જાય. એ થોડુંક પરાણે ખાય તો ડૉક્ટરે એ પચાવવા માટે ગોળીઓ લખી આપેલી તે લેવી પડે.

એકવાર શેઠ એમની કારમાં શેઠાણી સાથે લટારે નીકળ્યા હતા. રસ્તામાં કાચા રસ્તા પર ગાડી ખોટકાઈ, બાજુમાં મજૂરોની ઝૂંપડપટ્ટી હતી. શેઠ કારમાંથી નીચે ઊતર્યા. એક ઝૂંપડીમાં બારણા જ નહોતા. માત્ર જરૂર પડે સાડલાનો ઉપયોગ થતો.

શેઠની એ ઝૂંપડીમાં નજર પડી. મજૂર એની વહુ સાથે પતરાની થાળીમાં રોટલો અને ડુંગળી ટેસથી જમતો હતો. એની વહુ આગ્રહ કરીને જમાડતી હતી.

શેઠે નિસાસો નાખ્યો. એમને ઈર્ષા આવી. મનમાં થયું કે આ જાણે પકવાન જમતો હોય તેમ રોટલો- ડુંગળી ખાય છે. એને ઉદ્યોગપતિ બનાવી દેવો જોઈએ બરાબર ખબર પડી જાય-કેટલે વીસે સો થાય છે.

**- સૌ. ગુજરાત સમાચાર.**

## સાધુ ઐસા ચાહિએ

ગેરૂઆ વસ્તર નહીં ભભૂત ભસ્મ નહીં અંગ,
સાધુ ઐસા ચાહિએ, એકલ ઔર નિ:સંગ.
ટીવી પર ચમકે નહીં, આપે નહીં વ્યાખ્યાન,
સાધુ ઐસા ચાહિએ, માન નહીં અભિમાન.
આશ્રમ નહીં, આસન નહીં, નહીં ટ્રસ્ટ મઠ ધામ,
સાધુ ઐસા ચાહિએ, નહીં સ્થાન નહીં ઠામ.
તિલક છાપ ચંદન નહીં, છત્ર નહીં, નહીં દંડ,
સાધુ ઐસા ચાહિએ, ફંદ નહીં કોઈ ફંડ.
નામ નહીં, ઓળખ નહીં, નહીં બિરુદ ઈલ્કાબ,
સાધુ ઐસા ચાહિએ, નિર્મલ બહેતા આબ.
નહીં ફોટો, નહીં મૂરતી, પૂજન દે નહીં પાઁવ,
સાધુ ઐસા ચાહિએ, જૈસી તરુવર છાઁવ.
તન મન હરિ કો દે દિયા, આપ હરિ મેં લીન,
સાધુ ઐસા ચાહિએ, જલ મેં જૈસી મીન.
લિંગ ભેદ વ્યાપે નહીં, ઐસા ચેતન દેહ,
સાધુ ઐસા ચાહિએ, પવન ઊડાઈ ખેહ.

**- હરકિસન જોષી, વંડાફળી, જામનગર**

*ખેહ - ધૂળ

**લક્ષ્ય વિનાની દોડ એ ગતિ છે અને લક્ષ્ય સહિતની દોડ એ પ્રગતિ છે. અજાણતા થયેલી ભૂલ સુધારી શકો તો એ ભૂલ પ્રગતિનાં પગથિયાં બની શકે, પણ જાણવા છતાં વારંવાર ભૂલના ગુણાકાર કરો તો પતનની ઉંડી ખીણ પુરવાર થાય. માણસે દુર્ગમ પહાડોના પ્રચંડ પત્થરો કોતરી મંદિર સુધી પહોંચવાના રસ્તા બનાવ્યા છે, પણ એકબીજાના મન સુધી પહોંચવાનો સરળ રસ્તો બનશે ત્યારે મંદિર સુધી જવાની જરૂર નહિ પડે.**

## ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર-પ્રાગપર

આ એકરવાલા અહિંસા ધામ પ્રાગપરમાં છેલ્લા પચીસ વરસથી અબોલ જીવોની સેવા થઈ રહી છે. સંસ્થા પાસે ૫૦૦ એકરથી વધુ જમીન છે. હાલમાં ૩૫૦૦ થી વધુ પશુઓની સેવા થાય છે. ૩૫ એકરનું એક વિશાલ નંદી સરોવર પણ બનાવેલ છે.

સંસ્થા સંકુલમાં અદ્યતન વૈદકીય સગવડોથી સજ્જ વેટરનરી હોસ્પિટલ, પેથોલોજી લેબ અને એમ્બ્યુલન્સ છે. ૪ વેટરનરી ડોક્ટરો સાથે ૯૦ સેવાભાવી કાર્યકરો દિવસ રાત નિયમિત પ્રેમ લાગણી અને આત્મીયતા પૂર્વક સેવા આપી રહ્યા છે. વધતા જતા વાહનોની અવર જવરને લીધે રોજના ૩ થી ૪ પશુઓના એકસીડેન્ટ કેસ હોસ્પિટલમાં આવે છે.

હમણા ૨-૩ જાન્યુઆરી ૧૬ના ગોસંવર્ધન અંગે અહિં સંમેલનમાં હાજર રહેવાનું થયેલ. ગોસંવર્ધન અંગે ગોપાલભાઈ સુતરીયા (બંસી ગૌશાલા-સરખેજ-અમદાવાદ) મનોજભાઈ સોલંકી - ચિંતન ફાર્મ કુકમા, સુનીલ માનશીંગા - ગોવિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર-નાગપુર એ સરસ માહિતી સભર-ઉપયોગી વકતવ્ય આપેલ. આ સંસ્થામાં સ્વામી નારાયણ સંતો પણ તન મન ધનથી સેવા સહાય આપી રહ્યા છે. અક્ષર પ્રસાદજી, અતુલભાઈ શાહ, સત્યપ્રકાશ ભારત એ પણ સરસ વકતવ્ય આપેલ.

મુખ્ય અતિથી હતા યુપીએલના ફાઈનાન્સ ડાયરેક્ટર શ્રી અરૂણભાઈ આશર તેમના તરફથી ૧૧ લાખ તેમજ અન્ય દાતાઓના મળીને લગભગ ૫૦ લાખથી વધારે ભંડોળ થયેલ. સંસ્થાનો રોજનો ખર્ચ લગભગ દોઢથી બે લાખનો છે. પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ સંગોઈની દોરવણી હેઠળ ઘણી પ્રગતિ થઈ છે. એક બહુ મોટુ કામ મહેન્દ્રભાઈએ એ કર્યું છે કે નવી ટીમ ઊભી કરી ને સુકાન હવે રમેશભાઈ ગાલાને સોંપ્યું છે. સંસ્થાઓમાં આવું ભાગ્યે જ થતું હોય છે અને એટલે જ સંસ્થાઓ નિસ્તેજ બનતી હોય છે. પ્રમુખશ્રી રમેશભાઈ ગાલા સ્ટેજ કે માઈક ઉપર તો ક્યારેય બેઠેલા જ નહિ. મહાનુભાવોનું સન્માન પણ નવા ટ્રસ્ટીઓ અને દાતાઓના હાથે જ કરવામાં આવેલ. રમેશભાઈની સરળતાને સલામ.

કાંકરેજ ગોસંવર્ધનનો પ્રયોગ અહિ શરૂ કરવાનું નક્કી થયેલ છે. એના માટે નવા શેડનું ઉદઘાટન પણ કરવામાં આવ્યું છે. પ્રમુખશ્રી રમેશભાઈ ગાલાનો વિચાર છે ગાયોનું સંવર્ધન કરી સારા ખેડૂતોને ગાયો આપવી. ગાયો ખેડૂતના ખૂંટે હશે તો જ બચશે આવી દ્રષ્ટિથી પાંજરાપોળમાં પ્રથમવાર આવો પ્રયોગ થવા જઈ રહ્યો છે. એ બદલ નવી ટીમને ખૂબ ખૂબ ધન્યવાદ. પાંજરાપોળ પગભર કેમ થાય એ પણ વિચારવાનો સમય હવે આવી ગયો છે. અને એ દ્રષ્ટિએ પણ કેટલાક પ્રયોગોની શરૂઆત અહિં થવાની છે.

## સમસ્ત મહાજન

દામુનગર-કાંદીવલી ઝુંપડપટીમાં ૭ ડિસે.ના આગ લાગી આ ભયંકર આગમાં લગભગ ૧૨૦૦ પરિવારોનું સર્વસ્વ બળીને રાખ થઈ ગયું. એ જ દિવસથી સમસ્ત મહાજન સંસ્થાએ ૪૦૦૦ થી ૫૦૦૦ લોકોને સવાર બપોર સાંજ એક મહિના સુધી ભોજનની વ્યવસ્થા પુરી પાડી. બધા પરિવારોને બબે ઘાબળા-થાળી-વાટકા-તપેલી ના સેટ ૮૫૦ બાળકોને સ્કુલના પુસ્તકો, નોટબુકો, રૂા.૧૧૦૦નું બધાને સોલાર ફાનસ. આમ વિવિધ રીતે મદદ પુરી પાડેલ. બાળકોની સ્કુલ ફી, બસ ફી તથા સ્કૂલ ડ્રેસની વ્યવસ્થા પણ કરી આપેલ. સમસ્ત મહાજન ગોસેવા પાંજરાપોળ માટે તો કરોડોની મદદ કરે જ છે પણ માનવસેવામાં પણ આ રીતે ઉત્તમ કામ કરી ઉદાહરણ પુરુ પાડ્યું છે. આખી ટીમ ધન્યવાદ પાત્ર છે.

**- સમસ્ત મહાજન, ૫૯૭, રાજશીલા એપાર્ટમેન્ટ, ચીરા બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨, ફોન નં.૨૨૦૬૦૩૯૦**

## ગોમૂત્ર અર્કના ચમત્કારો

૧. મને હૃદયરોગની બિમારી ૧૯૯૮ થી હતી. એકવાર ઓપરેશન કરી સ્ટન્ટ પણ મુકાવેલ છે. પણ જ્યારથી મહાજન ગૌશાળાનો ગોમૂત્ર અર્ક વાપરવાનું શરૂ કરેલ છે. ત્યારથી શરીરમાં ખૂબજ સ્ફૂર્તિ રહે છે. હૃદયનો કોઈ પ્રોબ્લેમ નથી. ગોમૂત્રનો અર્ક દરેક દર્દોમાં ઉપયોગી છે. સ્કીન ડીસીસ હોય, સાંધાના દુઃખાવા હોય, દરેક પ્રકારના પેટના દર્દો હોય, એટલે કે તંદુરસ્ત રહેવા માટે પણ કોઈ દર્દ ન હોય તો પણ સવાર સાંજ નિયમિત સેવન કરવુ. એલોપથીના જમાનામાં ગોમૂત્ર અર્ક સંજીવની છે. **દિલીપકુમાર ચંદુલાલ અંધારિયા, મોનં.૯૯૨૪૧૦૩૪૧૦**

૨. મને૨૦૧૦માં ગળાનું કેન્સર થયેલ. મે સીવીલ ભાવનગરમાં બતાવેલ. મને બાયપાસ તથા શેક લેવાનું જણાવેલ. પરંતુ મને જાણવાં મળ્યું કે ઘોઘા રોડ, ગૌશાળા ખાતે કેન્સરની દવા મળે છે. હું છેલ્લા ત્રણ વરસથી નિયમિત ગોમૂત્ર અર્ક લઉં છું. મને બીલકુલ સારું છે. અર્ક લેવાથી ત્રણ માસ બાદ સતત સુધારો થવા લાગ્યો હતો. ડોક્ટરની એક પણ દવા લીધેલ નથી. **મહેશભાઈ એચ. પારેખ, વડવા પાદર દેવડી, ભાવસાર શેરી, ભાવનગર, મો.૮૧૪૧૮૬૪૪૯૭**

૩. મને બે વરસ પહેલા કેન્સર થયેલ. ઓપરેશન કરાવેલ છતાં જોઈએ તેટલો ફાયદો નહોતો. ૧ વરસ થી નિયમિત અર્કનું સેવન કરું છું. મને અત્યારે બિલ્કુલ સારું છે. **મહાશંકર લાભશંકર, લાધવા ઉ.૩૮, મો.૯૯૯૮૫૯૪૮૭૭.**

૪. મને પાંચ વરસ પહેલા ડાયાબીટીશ થયેલ.૩૦૦ ઉપર જતું રહેલ અને ઈન્સ્યુલીન દરરોજ લેવું પડતું. પણ છેલ્લા અઢી વરસથી મહાજન ગૌશાળાનો ગોમૂત્ર અર્ક લઉ છું. હાલમાં મને જરા પણ ડાયાબીટીશ નથી. **રાજુભાઈ એચ. મકવાણા, મો.નં.૯૯૦૯૪૩૯૧૫૮**

૫. મને ૨૦૧૧માં મોઢાના જડબાનું કેન્સર થયેલ ઓપરેશન કરાવ્યા બાદ નિયમિત ગોમૂત્ર અર્ક લઉ છું. હાલમાં બિલ્કુલ મટી ગયેલ છે. અર્ક લેવાથી બે મહિનામાં જ ફાયદો થવા લાગેલ. **હકાભાઈ બાબુભાઈ બારૈયા, કરચલીયા પરા, પ્રેસ રોડ, હનુમાન નગર, ભાવનગર.**

**ગૌમૂત્ર અર્ક માટે સંપર્ક**
**શ્રી મહાજન ગૌશાળા, ઘોઘા જકાત નાકા પાસે, ભાવનગર**
**મુંબઈમાં ગોમૂત્ર અર્ક મેળવવા-સંપર્ક**
**રમેશભાઈ દોશી, મલાડ, ૯૪૨૭૬૬૩૪૭૩**
**શાંતીલાલ ગાલા, સાંતાક્રુઝ (પૂર્વ) ૯૮૩૩૫૯૩૩૫૧**

---

**નોંધ: આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**

## મારી ઈચ્છા કરતા હરિ ઈચ્છા વધુ સારી

એક સ્ત્રી પોતાના નાના બાળકને સાથે લઈને કરીયાણાની દુકાને ખરીદી કરવા માટે ગઈ. જ્યારે સ્ત્રી ખરીદી કરી રહી હતી ત્યારે નાનો બાળક વેપારીની સામે જોઈને હસતો હતો. વેપારીને બાળકનું આ નિર્દોષ હાસ્ય ખુબ ગમ્યું.વેપારીએ બાળકને પોતાની પાસે બોલાવ્યો. બાળક જેવો વેપારી પાસે ગયો એટલે વેપારીએ નોકર પાસે ચોકલેટની બરણી મંગાવી. ઢાંકણ ખોલીને બરણી બાળક તરફ લંબાવી અને કહ્યું, ''બેટા, તારે જેટલી ચોકલેટ જોઈતી હોય એટલી તારી જાતે લઈ લે.'' છોકરાએ જાતે ચોકલેટ લેવાની ના પાડી. વેપારી વારંવાર બાળકને ચોકલેટ લેવા કહેતો રહ્યો અને બાળક ના પાડતો રહ્યો. થોડીવાર પછી વેપારીએ પોતે બરણીમાં હાથ નાખીને એક મુઠ્ઠી ભરીને ચોકલેટ બાળકને આપી. બાળકે પોતાના બંને હાથનો ખોબો ધરીને વેપારીએ આપેલી ચોકલેટ લઈ લીધી.

દુકાનેથી પાછી ફરતી વખતે માએ આ બાળકને પૂછ્યું, ''બેટા, તને પેલા કાકા ચોકલેટ લેવાનું કહેતા હતા તો પણ, તું ચોકલેટ કેમ નહોતો લેતો?'' છોકરાએ પોતાના હાથ માને બતાવતા કહ્યું, ''જો મમ્મી મારો હાથ તો બહુ જ નાનો છે મેં મારી જાતે જ બરણીમાં હાથ નાખીને ચોકલેટ લીધી હોત તો મને બહુ ઓછી ચોકલેટ મળી હોત પણ અંકલનો હાથ બહુ મોટો હતો એમણે મુઠ્ઠી ભરીને ચોકલેટ આપી તો મારો ખોબો ભરાઈ ગયો.''

આપના હાથ કરતા ઉપરવાળાનો હાથ અને હૈયુ બહુ મોટા છે માટે માંગવાને બદલે શું આપવું એ એના પર છોડી દેવું જોઈએ. આપણી જાતે લેવા જઈશું તો નાની મુઠ્ઠી ભરાય એટલું મળશે અને એના પર છોડી દઈશું તો ખોબો ભરાય એટલું મળશે.

**અધીરો છે ઈશ્વર તને બધું આપવા માટે, તું ચમચી લઈને ઉભો છે દરિયો માંગવા માટે.**

**In journey of life we are never alone. Our God is with us...તંત્રી, સૌ. ધર્મધ્વાર, પ્રેષક : નવિન શાહ**

## એકાંત

ભૌતિકવાદે આપણા જીવનને અનેક સુખસગવડો આપી. પણ ભૌતિકવાદનો અતિરેક માણસને આંતરિક રીતે ખાલીખમ કરી દે છે. માણસ ગમે તેટલી સુખસગવડો ભોગવતો હોય પણ સાચી સંપત્તિ આંતરિક છે. માણસના ઘરમાં ગમે તેટલાં સાધનો-સગવડો હોય પણ એના સાચા મિત્રો પુસ્તકો છે. બીજો સાચો મિત્ર એનું એકાંત છે. એકાંતમાં જ માણસ વિચાર કરી શકે છે. એકાંતમાં જ એ ભાવિની યોજનાઓ બનાવે છે. એકાંત એ એનો ખરો વૈભવ છે. સામાન્ય માણસ હોય કે મોટો સર્જક હોય કે મોટા કળાકાર હોય, એકાંતમાં જ એ પોતાની જાત સાથે દોસ્તી કરે છે. આજનો માણસ એકાંતથી દૂર ભાગે છે. એકાંતને એ ભૂલથી નવરાશ માની બેસે છે. થોડું એકાંત મળે એટલે ગામની બહાર આવેલી હોટેલમાં ખીણીપીણી માટે ઊપડી જાય છે. વાસ્તવમાં આ સમયનો બગાડ છે. થોડા અંગત મિત્રો સાથે ગાળેલી ક્ષણો પાર્ટીમાં હજારો માણસોની સાથે ગાળેલા સમય કરતાં અનેકગણી કીંમતી છે. દુનિયાની મહાન કૃતિઓ અને વિજ્ઞાનની મહાન શોધો એકાંતનું જ ફળ હોય છે. માર્કસે ૪૦ વર્ષો હાઈડલબર્ગના પુસ્તકાલયમાં ગાળ્યા અને પરિણામે જ વિશ્વને સામ્યવાદનો સિધ્ધાંત મળ્યો.

## પત્ર પ્રસાદી

૧. ગાંધીજીની દ્રષ્ટિએ સંસ્થા, સંસ્થા સંચાલન, ફાળો, વ્યાજ પર નિર્ભરતા વિ. અંગે વિચારવા જેવું છે જ. આજે તો ભાગ્યે જ કોઈ એ સ્તરે કાર્યરત હશે. યુગ પરિવર્તનનાં સંદર્ભમાં પરિવર્તન તો આવવાનાં જ, પણ જાગૃતિ જતી રહી છે અને આસક્તિ-વધ્યા છે. તેની ચિંતા છે. 'ગોરક્ષા પાત્ર' ધ્યાનથી વાંચું છું. તમે ઉંબરે થી ક્ષિતિજ દર્શન કરાવો છો. તેનું વૈવિધ્ય, રોચકતા, સરળતા-વેધકતા સ્પર્શે છે. **રમેશભાઈ સંઘવી, ૫, વાણિયાવાડ, ભુજ ૩૭૦૦૦૧.**

૨. ડિસે.૧૫ અંક સંદર્ભે જીવલાયક બને ત્યારે સાચા સત્પુરુષના બોધનું પ્રાગટ્ય શિષ્યમાં થાય. શ્રીમદજી સાચો રાહ બતાવે છે. આનંદ પ્રાપ્તિનો ધ્યેય રાખીને 'હું' નું શુધ્ધિકરણ થાય તો વિશ્વ આખું પોતાનું બની જાય અને પોતે આખા જગતનો બની જાય. કવિશ્રી રવીન્દ્રનાથ ટાગોરની આ ટકોર સૌએ હૃદયમાં ઉતારવી રહી. 'વસુધૈવ કુટુંબ કમ' નો આદર્શ હિંદે સેવ્યો છે ને! તો આ દિશામાં ચાલવાનું ક્યારે થશે? વિધ્વાનો પહેલ કરે તો અતિ ઉત્તમ!! શરીર એ જ સાચું મંદિર અન્ય સ્થળોની રચના સામુહિક સાધના માટે ઉભી થઈ છે. મુળ હેતુ રહ્યો નહિ; સચવાયો નહિ એટલે સ્થળો વિકૃતિના ધામો બન્યા દોષ કોનો?- **લવજીભાઈ ચૌધરી, દિવ્ય શાંતિ, પો.ગઢા ૩૮૪૦૦૧.**

## શાંતિ

એક રાજાએ એલાન કરાવ્યું કે જે કોઈ સુખ અને શાંતિનું સુંદર ચિત્ર બનાવશે તેને ઈનામ આપવામાં આવશે. આ સાંભળી ઘણાં ચિત્રકારોએ પોતાનું નસીબ અજમાવ્યું અને છેલ્લે બે ચિત્રોની પસંદગી કરવામાં આવી. પહેલું ચિત્ર પહાડોની વચ્ચે એક સરોવરનું હતું. તેની ઉપર દૂધિયા કલરના વાદળો અને દૂર સુધી ફેલાયેલું નીલ ગગન નજરે પડતા હતા. બીજું ચિત્ર તોફાની મોસમનું હતું. તેમાં ખાડાખોપચાવાળો પહાડ, શીલાઓ તથા ઉછાળા મારતું એક ઝરણું હતું. બેય ચિત્રોમાં પહેલું ચિત્ર રાજાએ કરેલા એલાનના સંદર્ભમાં પરફેક્ટ લાગતું હતું. લોકો પણ એને જ ઈનામ મળશે તેવું વિચારી રહ્યા હતા. રાજાએ બંન્ને ચિત્રોને ધ્યાનપૂર્વક જોયા. થોડીવાર બાદ બીજા નંબરના ચિત્રને વિજયી જાહેર કરવામાં આવ્યું. લોકો રાજાના આ ફેસલાથી આશ્ચર્યચકિત થઈ ગયા. એક મંત્રીએ સાહસ કરીને રાજાને પ્રશ્ન કર્યો કે આપણા વિષય કરતાં જુદા જ ચિત્રને વિજયી જાહેર કર્યું એનું શું કારણ છે? રાજાએ મંત્રીને બોલાવ્યો અને તે ચિત્રને ધ્યાનથી જોવાનું કહ્યું. તે ચિત્રની અંદર દૂર પહાડના એક ખૂણામાં એક ઝાડી ઉંગી હતી અને તેના પર એક નાની ચકલી પોતાના બચ્ચાંઓ સાથે માળામાં બેઠી હતી, તો પણ તેના ચહેરા પર સંતોષ દેખાઈ રહ્યો હતો. મંત્રીને પોતાના પ્રશ્નનો જવાબ મળી ગયો.

**બોધ: શાંતિનો અર્થ મુશ્કેલીઓથી દૂર ભાગવું નહીં પણ મુશ્કેલીઓ વચ્ચે સંયમથી રહેવું.- સૌ. અહા! જિંદગી.**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. પ્રવિણભાઈ દેઢિયા | - મલાડ | ૧૦૦૦/- |
| ૨.મંજુબેન સાવલા | - ગોરેગાવ | ૫૦૦/- |
| ૩. એમ કે. શાહ (વકીલ) | - મલાડ | ૧૦૦૦/- |

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

# શ્રમનું ગૌરવ

અને પછી એક ખેડૂતે કહ્યુ: 'અમને શ્રમ વિશે કાંઈક કહો.' એણે જવાબ દીધો: 'પૃથ્વીની પ્રગતિ સાથે પ્રગતિ કરવા માટે, તમારે શ્રમ કરવો જોઈએ. પૃથ્વીના અંતરમાં એક વિરલ સતત ગાન ચાલી રહ્યું છે. એની સાથે તાલબદ્ધ રહેવા માટે તમારે પરિશ્રમ કરવો જોઈએ.

'કારણ કે આળસુ થવું એનો અર્થ એ કે ઋતુ-ઋતુના જીવનઆનંદથી વંચિત રહેવું. પૃથ્વીમાં એક પણ ઋતુ આળસ કરતી નથી. ઋતુઋતુનો વૈભવશાળી અને ભવ્ય મહોત્સવ આવે છે. આળસ કરવું એટલે, એ મહાન ઉત્સવમાં પાછળ પડી જવું. એ મહોત્સવ જાણે કે કોઈ અનંતની ઉપાસના કરે છે. આળસ કરવું એટલે ઉપાસનામાંથી ભ્રષ્ટ થવું.'

'જ્યારે તમે શ્રમ કરો છો, ત્યારે એ શ્રમ દ્વારા, માત્ર તમે હાડમાંસમેદને પોષવાનું કામ કરો છો. તમારે માટે શ્રમનો એટલો જ જો અર્થ હોય તો એ શ્રમ પોતે ક્ષુલ્લક છે, અને તમને પણ ક્ષુલ્લક બનાવે છે.'

'શ્રમનો-હરેક પ્રકારના શ્રમનો-એના કરતાં કાંઈક વધારે અર્થ તમે સમજતા હો, તો જ એ શ્રમને પોતાનું ગૌરવ છે એમ કહી શકાય. તેમ જ એવા શ્રમ દ્વારા તમે પણ ગૌરવ મેળવો છો-એમ કહેવાય.

'જ્યારે તમે શ્રમ કરો છો ત્યારે, વિશ્વકલ્યાણ માટેનું એક અનંત સંગીત પ્રગટાવવાનું છે, અને એ સંગીતમાં તમારું પણ સ્થાન છે, એમ તમે વિશ્વાસ રાખો છો. જ્યારે તમામેતમામ, જડ ચેતન, અર્ધચેતન અને અચેતન એ સંગીતના પ્રાગટ્ય તરફ શ્રમ કરી રહ્યા છે, ત્યારે તદ્દન મૂંગા ઊભા રહેવાનું હીનભાગ્ય તમારું શા માટે હોય?

'શ્રમ, પરિશ્રમ, કામ, મહેનત, મજૂરી એ સઘળાંનો સંબંધ થાક સાથે, કંટાળા સાથે, કાંઈક અજુગતા એવા ગૌરવહીન કાર્ય સાથે બાંધવાની તમને ટેવ છે કે તમારી પ્રણાલિકા છે અથવા તો તમારી સમજણ છે, એટલે શ્રમને જીવનમાં એક પ્રકારનો શાપ ગણવામાં આવે છે, શ્રમને ભાગ્યહીનની રેખા કહેવામાં આવે છે અને એ દૃષ્ટિએ, આરામને-આળસને, ભાગ્યોદયની અવધિ માનવામાં આવે છે.

'પણ હું તમને કહું છું કે આ પૃથ્વીને પણ પોતાનું સ્વપ્ન છે. તમે શ્રમ કરો છો ત્યારે એ પૃથ્વીના સ્વપ્નને ક્રિયા દ્વારા પ્રગટાવવાનો યત્ન કરો છો. જીવનને જે શ્રમ વડે શણગારે છે, એ ખરી રીતે પ્રેમ દર્શાવે છે. તમને જ્યારે કોઈ શ્રમમાં વધારે અર્થ મળે છે ત્યારે આ પ્રેમ જ પ્રગટ થાય છે.

'જન્મની વેદનાને જો તમે દુ:ખ ગણતા હો, અને જીવનનિર્વાહ માટે જરૂરી એવા શ્રમને શાપ માનતા હો, તો તમારા ભાગ્યમાંથી એ શાપને ટાળવા માટે કેવળ પ્રસ્વેદનાં જલબિંદુઓ જ સમર્થ થશે. એટલે કે તમારી એવી ખોટી સમજણ, ઘણા ઘણા પરિશ્રમ અને પશ્ચાતાપને અંતે જ સાચી સમજણ થઈ શકશે.

'થાકેલા, કંટાળેલા, નિરાશ થયેલા, અજ્ઞાનતાને વરેલા કોઈકે જીવનને મિથ્યા અલંકાર સાથે સરખાવ્યું છે. તમે તમારા થાકથી કંટાળીને એ સૂત્રને સોનેરી ગણ્યું છે.

'પરંતુ હું તમને કહું છું કે જીવન અંધકાર તો ત્યારે છે... જો એના વિશે કાંઈક પણ અંદરનું તત્ત્વ તમને દોરવણી આપતું ન હોય.

'અને જ્યારે કોઈ પણ ક્રિયા, માણસના નિરવધિ વિશ્વાસમાંથી, પ્રેમમાંથી, એની અચળ અને અતળ શ્રદ્ધામાંથી જન્મે છે, ત્યારે પોતાની એ ક્રિયા દ્વારા, પોતાના અંદરના તત્ત્વ સાથે, પોતાની જાતને, એ તાલમાં મૂકે છે. અને તે દ્વારા સૌની સાથે એ તાલમાં રહે છે.

'આનું નામ પ્રેમપૂર્વકનો શ્રમ છે.'

'જેને શ્રમ કરવો છે અને પ્રેમપૂર્વક કરવો છે, એને માટે તો જાણે નિત્યના મહોત્સવ જેવો એ આનંદ છે. એવો આનંદ કે જેનો કંઈક ખ્યાલ કેવળ આતુર આશક-માશૂકની ઉપમામાં શોધી શકાય.

'પ્રેમથી જે શ્રમ કરે છે, એ જાણે કે પોતાની માશૂક કાલે આવવાની છે એમ સમજી પોતાના ઘરને ખૂણે ખૂણેથી વાળીચોળીને શણગારે છે.'

'એવો શ્રમ-એ તો જાણે કે દરેકે દરેક પદાર્થને જીવનપરિમલ વડે સુગંધિત અને ચેતનમય કરવાની મહાકલા છે.'- **ખલીલ જિબ્રાન**

---


**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**


To,


**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**